# વિરમગામનાં મહેરબાન અધિક સિનિયર સિવિલ જજ સાહેબની અદાલતમાં, મું.વિરમગામ.

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬–૧૨–૨૦૨૫ |
| રજી. તારીખ | ૧૬–૧૨–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૨૨–૦૪–૨૦૨૬ |
| અવધિ | ૦૦વર્ષ,૦૪ માસ,૦૬ દિવસ |

**<u>રેગ્યુ. દિવાની મુકદ્દમા નં.૩૧૯/૨૦૨૫</u>**

**આંક :– ૨૧**

નાયબ ઈજનેરશ્રી ઈન્દ્રજીતસિંહ અજીતસિંહ ,
ઉતર ગુજરાત વિજ કંપની લી.,
નાયબ ઈજનેરની કચેરી,
વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગની કચેરી, માંડલ રોડ,
મુ. વીરમગામ, જી. અમદાવાદ

**::: વાદી.**

**વિરુધ્ધ.**

રમેશભાઈ કાવાભાઈ નેત્રા ,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ખેતી– વેપાર,
રહે.નેત્રા વાસ , કમીજલા , તા.વિરમગામ, જી.અમદાવાદ. **:::પ્રતિવાદી.**

| | |
|---|---|
| દાવો :– | રૂા.૧૬,૧૮૪/– પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવ. .. |
| વાદી તરફે : વિ.વ.શ્રી એ.જે.સથવારા<br>પ્રતિવાદી તરફે : | |

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેંચીને ગુજરાત રાજ્યમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે વાદી કંપનીની વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગની ઓફીસ વિરમગામ સેવાદન પાસે માંડલ રોડ પર આવેલ છે અને તેઓ આ દાવામાં સહી કરનાર વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગ કચેરીના વહીવટ કર્તા છીએ વાદી કંપનીનુ લેણુ વસુલ કરવાની કાર્યવાહી કરવાની અમોને સત્તા છે.

વધુમાં વાદી જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નામદાર કોર્ટની હકુમતના વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગમાં આવતા ગ્રાહક હતા અને તેમણે પોતાના ઘરવપરાશના હેતુ માટે વીજ કનેકશનનો ઉપયોગ કરતા હતા તેઓનો ગ્રાહક નં.૨૫૭૫૩૧૦૭૭૭૦ છે અને આ કામનાં પ્રતિવાદીનું વીજ વપરાશ અંગેનુ ખાતુ વાદી કંપનીની વિરમગામ ઓફીસમાં આવેલ છે.

વધુમાં વાદી જણાવે છે કે, તેઓ વાદી કંપનીના વિરમગામ ઓફીસમાં આવેલ ખાતામાં જણાવ્યા પ્રમાણે મે ૨૦૨૫ સુધીનો રૂા.૧૦,૭૩૫/– તથા તેના પર વિલંબીત ચાર્જ રૂા.૫,૪૪૯/– પૈસા મળી કુલ રૂા.૧૬,૧૮૪/– પૈસા તેઓએ આજદીન સુધી ભરપાઈ કરેલ નહી.

વાદી વધુમાં જણાવે છે કે, આ કામના પ્રતિવાદીએ બીલની રકમ પ્ર તિવાદીએ ભરપાઈ ન કરતા તેઓ વાદી કંપની તરફથી બીલની રકમ ભરપાઈ ન કરવા અં

ગે પ્ર.વાદીને નોટીસ મોકલવામાં આવેલ હોવા છતાં તે ભરપાઈ કરેલ નહીં અને પ્ર.વાદી પાસે બીલની લેણી પડતી રકમ અંગે તેઓ વાદી કંપનીએ અવાર નવાર માંગણી કરી કરાવી છતાં અગાઉ તા.૨૭–૦૭–૨૦૨૪, તા.૩૦–૦૬–૨૦૨૩ ના રોજ નોટીસ આપેલ હોવા છતાં પ્ર.વાદી બીલની રકમ ભરપાઈ કરતા ન હોઈ પ્ર.વાદીને તા.૨૧ /૦૭/૨૦૨૫ના રોજ આખરી નોટીસ મોકલાવેલ જે તેઓને મળી જવા છતાં કોઈ રકમ જમા ન કરાવેલ પ્ર.વાદીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી તેમજ કાંઈ રકમ પણ વસુલ આપેલ નથી.

જેથી આ કામના પ્ર.વાદી પાસે તેઓના ચાલેલ ખાતામાં વીજ વપરાશનું બીલ રૂા.૧૦,૭૩૫/– મે ૨૦૨૫ સુધીમાં ની રકમનુ લેણુ પડેલ તેમજ વિલંબીત ચુકવણી ચાર્જના તા.૩૧–૦૭–૨૦૨૫ સુધીના રૂા.૫,૪૪૯/– પૈસા મળી કુલ રૂા.૧૬,૧૮૪/– નુ લેણુ પડે છે જે દાવાના ખર્ચ સહીત ૧૮% વ્યાજ સાથે અપાવવા અરજ કરેલ છે. પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત–મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસની ધોરણસરની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી મારફત હાજર રહેલા ન હોય તેઓનો જવાબનો હકક બંધ કરવામા આવેલ છે તથા પ્રતિવાદી વિરૂઘ્ધ દાવો એકતરફી ચલાવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**–: મૌખિક પુરાવા :–**

| **ક્રમ.** | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | સાહેદ ઈન્દ્રજીતસિંહ અજીતસિંહ વાઘેલાનું પુરાવાનું સોગં દનામું.(નાયબ ઈજનેર, વિરમગામ સબ ડીવીઝન રૂરલ). | ૦૯ |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ. | દસ્તાવેજ. | આંક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદીને વાદીએ આપેલ નોટીસની ઓફીસ કોપી | ૧૧ |
| ૨. | નોટીસ બજયાની રજી.એડી. ની પોંહચ | ૧૨ |
| ૩. | પ્રતિવાદીને વાદીએ આપેલ નોટીસની ઓફીસ કોપી | ૧૩ |
| ૪. | નોટીસ બજયાની રજી.એડી. ની પોંહચ | ૧૪ |
| ૫. | પ્રતિવાદીને વાદીએ આપેલ નોટીસની ઓફીસ કોપી | ૧૫ |
| ૬. | નોટીસ બજયાની રજી.એડી. ની પોંહચ | ૧૬ |
| ૭. | વાદીએ તૈયાર કરેલ પરર્ફોમા બારની ઓફીસ કોપી | ૧૭ |
| ૮. | પ્રતિવાદીના મકાનની સ્થળ પર રીકવરી કરવા ગયેલ તે અં ગેના ફોટોગ્રાફની નકલ | ૧૮ |
| ૯. | લેજરના ઉતારાની ખરી નકલ | ૧૯ |

ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય **આંક– ૨૦**થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ ન હોઈ કે કોઈ રીપોર્ટ પણ રજુ ન હોય, પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજુ નથી.

(૫) ત્યારબાદ સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રી ની વિસ્તૃત દલીલો સાં ભળી.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે નામદાર કોર્ટ ધ્વારા આંક– ૦૮ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**–:: મુદ્દા ::–**

1. શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી દાવાવાળી લેણી રકમ વસુલ મેળવવા હકકદાર છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે તેઓ દાવાવાળી લેણી રકમ ઉપર માંગ્યા મુજબનું વ્યાજ

મેળવવા હકકદાર છે?

૩. શું હુકમ અને હુકમનામું?

(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. અંશત: હકારમાં.

૩. અંશત: હકારમાં

૪. આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૦૮ ના મુદાઓ સં બંધે નાં મારા ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરુ છું.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨.</u>**

(૮) આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી લેણી પડતી વીજ વપરાશની રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક–૦૯ થી નાયબ ઈજનેર, નું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્ર તિવાદી પાસે ગણતરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. સદરહું સોગંદનામાની હકીકતને પ્રતિવાદી ધ્વારા પડકારવામાં આવી નથી. ત્યારે કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પ્રતિવાદીને હકીકતો સ્વીકાર્ય છે તેમ માનવાનું રહે છે. જો કે વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક–૧૧ થી આંક–૧૯ મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે. જે વંચાણે લેતા, આંક –૧૭ થી પરર્ફોમાં નં.૧૨ની ઓફીસ કોપીમાં પ્રતિવાદીનું ગ્ર ાહક તરીકે નામ તથા ટોટલ બાકી રકમ ડી.પી.સી. સહીત રૂા૧૬,૧૮૪/– દર્શાવેલ

છે અને ડેપ્યુટી એન્જીનચર દવારા સહી કરેલ છે. આંક–૧૧ થી વાદી કંપનીએ પ્રતિવાદીને આપેલ આખરી નોટીસની ઓફીસ કોપી રજુ કરવામાં આવેલ છે, જે પ્રતિવાદીના નામ જોગ નોટીસ છે. જેમા નાયબ ઈજનેરની સહી છે. આંક–૧૫ થી પ્રતિવાદીને તા. ૨૧/૦૭/૨૫ ના રોજ આપેલ નોટીસ રજુ છે જે પ્રતિવાદીના નામજોગ નોટીસ પ્રતિવાદીના સરનામે મોકલવામાં આવેલ છે તેમજ તેમા વીજ બીલની રકમ પણ દર્શાવેલ છે. વધુમાં સદર નોટીસ વંચાણે લેતા જણાઈ આવે છે તેમા બીલની બાકી રકમ કુલ રૂા. ૧૬,૧૮૪/– દર્શાવેલ છે. પરંતુ સદરહુ વિલંબીત ચુકવણીની રકમ કંપનીના કયા નિયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટીસથી ફલિત થતુ નથી. સદરહુ નોટીસ બઝયા અંગેની એકનોલેજમેન્ટ આંક–૧૪ તથા આંક–૧૬ થી રજુ છે. વાદી કંપનીના લેઝર ઉપરથી પ્રતિવાદીના ઉતારેલ વીજ વપરાશના ખાતાની ખરી નકલ રજુ થયેલ છે, જે વંચાણે લેતા, જેમાં કન્ઝયુમર તરીકે હાલનાં પ્રતિવાદીનું નામ દર્શાવેલ છે. આમ પ્રતિવાદી વાદી વીજ કંપનીના કાયદેસર ગ્રાહક છે અને કુલ રકમના કોલમમાં રૂા.૧૬,૧૮૪/– પૈસા પ્રતિવાદીના ખાતાનો ઉતારો જોતાં બાકી જણાઈ આવે છે. જેમાં ડેપ્યુટી એન્જી. યુ.જી.વી.સી.એલ. વિરમગામ સબ ડીવીઝન નાઓની સહી છે. વધુમાં સદરહુ ઉતારાને ઉપરોકત રજુ દસ્તાવેજી પુરાવા સાથે ધ્યાને લેવામાં આવે તો આ કામના પ્રતિવાદીએ બીલની રકમની ભરપાઈ કરી શકે તે માનવાને કોઈ કારણ રહેતુ નથી. આમ, વાદી કંપની ધ્વારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજ બાબતે પ્રતિવાદી જાતે કોર્ટમાં હાજર થઈ વિરોધ દર્શાવેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી. તેથી હાલનાં પ્રતિવાદી પાસેથી લેણી પડતી રકમ મેળવવા વાદી હકકદાર હોવાનું જણાય છે.

(૯) આ કામે વાદી તરફથી આંક–૧૭ થી પ્રતિવાદીનાં લેજરનો ઉતારો રજુ કરવામાં આવેલ છે, જે લેઝર વાદી સંસ્થા ધ્વારા નિયત નમુનામાં રોજે રોજ નિભાવવામાં આવે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૫ મુજબ જાહેર અથવા અન્ય અધિકૃત ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડમાં મુદા માટેની હકીકત અથવા પ્રસ્તુત હકીકત

દર્શાવતી વિગતો છે, જે એક જાહેર નોકરે પોતાની અધિકૃત ફરજ બજાવતા અથવા તેઓની ફરજનું પાલન કરતા કરેલી નોંધ આપો આપ પ્રસ્તુત હકીકત છે અને પુરાવામાં ગ્રાહ્ય છે. તે પ્રમાણે આ કામે આંક– ૧૭થી રજુ કરેલ પ્રતિવાદીનાં લેજરનો ઉતારો પણ જાહેર રેકર્ડ હોઈ પુરાવામાં ગ્રાહ્ય છે. વીજ વપરાશની લેણી રકમ રૂા.૧૬,૧૮૪/– પૈસા નીકળતી રકમ દર્શાવેલ છે. આમ વાદીની હકીકતોને આંક–૧૭ થી સમર્થન મળેલ છે. અને તેનાથી વિરૂઘ્ધની હકીકતો જયારે રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે એમ માનવુ રહે કે વાદીનાં પ્રતિવાદી પાસે વીજ વપરાશના રૂા.૧૬,૧૮૪/–પૈસા લેણાં છે.

**(૧૦)** વાદીએ, પ્રતિવાદી પાસે ડીલે પેમેન્ટ ચાર્જની તથા વ્યાજની માંગણી કરેલ છે પરંતુ સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૫ મુજબ વાદી પ્રતિવાદી પાસે જો કોઈ કરાર હોય તો તે મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે પરંતુ આવો કરાર આ કામે રજુ થયેલ નથી ત્યારે વાદીએ એક જાહેર સંસ્થા છે અને વાદીએ પ્રતિવાદીને નોટીસ આપેલ અને તે નોટીસ જયારે પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી પ્રતિવાદી તરફથી વાદીને કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી. આમ વાદીનાં કાયદેસરનાં લેણાં પ્ર તિવાદીએ નિયમ સમયમર્યાદામાં ચુકવેલ ન હોઈ વાદી કંપની પ્રવર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોનાં દર મુજબ વાર્ષિક ૬% નાં સાદા વ્યાજનાં દરે લેણી રકમ પર દાવા તારીખથી વ્યાજ મેળવવા હકકદાર છે. આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ **મુદા નં. ૧** નો જવાબ '**હકારમાં**' અને **મુદા નં.૨** નો જવાબ '**અંશત હકારમાં**' આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૩.</u>**

**(૧૧)** સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૧૬,૧૮૪/–પુરા ૧૫ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્ર તિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ આ કામના પ્રતિવાદી પાસેથી કરેલ વિજવપરાશ પેટે રૂા.૧૬,૧૮૪/– પૈસા પુરા વસુલાત પેટે બાકી નીકળતી હોવાની હકીકત સાબીત થયેલ છે. તેમજ વાદીએ દાવાની રકમ સાથે ૧૫ % લેખે વ્યાજની માં

ગણી કરેલ છે. આ અંગે ઉપરોકત મુદામાં કરેલ ચર્ચા મુજબ વાદી વ્યાજ ૬ ટકા મેળવવા હકકદાર બનતા હોય તેથી **મુદ્દા નં. ૩** નો જવાબ ''**અંશત:હકારમાં**'' આપી **મુદા નં. ૪** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

(૧) આ કામનાં વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં વાદી, પ્રતિવાદી પાસેથી તેઓની હરેક પ્રકારની સ્થાવર તથા જં ગમ મિલકત ઉપરથી રૂા.૧૬,૧૮૪/- પૈસા (અંકે રૂપિયા સોડ હજાર એકસો ચોરીયાસી ) પુરી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકાનાં ચડત વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી ચડત રકમ વ્યાજ સહિત હુકમની તારીખ થી એક માસમાં ચુકવી આપવી તેવો આથી પ્રતિવાદીને આદેશ કરવામાં આવે છે.

(૩) આ દાવાનું વાદીનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીએ પોતાનું ખર્ચ જાતે ભોગવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ : ૨૨ મી, માહે : એપ્રિલ , સને -૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

વિરમગામ
તા.૨૨-૦૪-૨૦૨૬

**(ધનંજય જગદીશચંદ વ્યાસ)**
Judge Code-GJ 01263
અધિક સિનીયર સીવીલ જજ,વિરમગામ

Ms.R.B.BHASKAR (P.A.)